ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૪-૨૦૧૫, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

યમનમાં ફસાયેલા દેશવાસીઓની મદદે સરકાર

યમનમાં ફસાયેલા દેશવાસીઓને હેમખમ પાછા લઇ આવવાનું કેન્દ્ર સરકારનું પગલું ખૂબ જ વખાણવાલાયક છે. ગૃહયુદ્ધમાં ફસાયેલા આ ખાડીના દેશમાં ભારતીય નાગરિકો આજીવિકાની શોધમાં જતા હોય છે. સવિશેષ આવા લોકો ગરીબ અને નીચલા મધ્યમવર્ગમાંથી આવે છે. દેશમાં રોજગારીની તકો ઓછી હોઇ આપણો યુવાવર્ગ ખાડીના દેશોમાં જઇ કમાણી કરવાનાં સપનાં સેવતો હોય છે. એજન્ટો મારફત લઇ જવાના મજૂરો અને કારીગરો સારી એવી રકમ ખર્ચીને જતા હોય તે સ્વાભાવિક છે. શાંતિના સમયગાળામાં તો બધું સમું સૂતરું ચાલતું હોય પરંતુ જયારથી આઇ.એસ.આઇ.એસ. જેવા ઇસ્લામિક આતંકવાદી જૂથે ઉપાડી લીધો છે ત્યારથી આખું આરબ વિશ્વ અસલામત બની ગયેલ છે. યમનમાં ફસાયેલા પોતપોતાના નાગરિકોને સહીસલામત પાછા લાવવા માટે ચીન અને ભારત જેવાં રાષ્ટ્રોએ પહેલ કરી છે. ભારતે ચલાવેલી આ ઝુંબેશનું નેતૃત્વ રાજયકક્ષાના વિદેશમંત્રી અને પૂર્વ સેનાધ્યક્ષ જનરલ વી.કે. સિંહે સંભાળ્યું હતું. યમનની રાજધાની જીબુતી ખાતે એમની નિગરાની હેઠળ ભારતીય દૂતાવાસ દ્વારા વતન પાછા ફરવા માગતા ભારતીય નાગરિકોની નોંધણી કરીને સમુદ્ર માર્ગે તેમજ હવાઇ માર્ગે હજારો ફસાયેલા દેશવાસીઓને વતનમાં લઇ જઇ આવતાં સ્વાભાવિક રીતે જ ચારે દિશાઓમાં કેન્દ્રના વિદેશખાતાની અને મોદી સરકારની ત્વરિત કામગીરીની પ્રશંસા થઇ રહી છે. મોતના મુખમાંથી બચાવી લેવાયેલા નાગરિકો માટે તો વિદેશમંત્રી સુષમા સ્વરાજ અને સ્થળ પર કાર્યવાહીને અંજામ આપનાર જનરલ વી.કે.સિંહ હાજરાહજૂર દેવદૂતો જ બની રહ્યાં. રાજયકક્ષાનું પ્રધાનપદું મળતાં નારાજ થયેલા નિવૃત્ત સેનાધ્યક્ષ કર્મઠ સૈનિક છે એની પ્રતીતિ આ ઘટનાએ કરાવી છે. પાક દૂતાવાસમાં પાકિસ્તાન દિવસની ઉજવણી પ્રસંગે કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે ફરજની રુએ હાજર રહેવું તે પૂર્વ સેનાધ્યક્ષને ઘણું આકરું લાગેલું. એમને યમન ખાતે બજાવેલી કામગીરી બાબતે કોઇ પત્રકારે પૂછતાં કટાક્ષમાં કહ્યું કે અહીં બજાવેલી કામગીરીની સરખામણીએ થોડી ઓછી રોમાંચક હતી!

ચાંદખેડા એન્જિનીયરીંગ કોલેજમાં રાજ્યકક્ષાની ઓપન હાઉસ ઈવેન્ટ યોજાઈ

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉદ્‌ઘાટન કર્યુ : વિદ્યાર્થીઓ દ્વારા ૨૫૦ પ્રોજેક્ટ્સ કરાયાં : આઈ ક્રિએટ દ્વારા પસંદ કરાયેલ પ્રોજેક્ટ્સને નાણાંકીય સહાય : વિવિધ કંપનીઓ સાથે ૩૦ એમઓયુ કરાયા

ગાંધીનગર, તા. ૯

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ચાંદખેડા ખાતે વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનીયરીંગ કોલેજમાં યોજાયેલ રાજ્યકક્ષાની ઓપન હાઉસ ઈવેન્ટનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. આ કાર્યક્રમમાં ૧૬ એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ ૨૫૦ પ્રોજેક્ટ્સ નિદર્શનનું શૉ-કેસ તૈયાર કરાયું હતું. ઈવેન્ટ દરમ્યાન ૩૦ જેટલા એમઓયુ કરવામાં આવ્યા હતા.

ઓપન હાઉસ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેનો નાતો વધુ મજબૂત બનાવવાનો હતો. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત રાજ્યના મુખ્ય શિક્ષણ સચિવ અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણ કમિશનર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઓપન હાઉસમાં રજૂ કરાયેલા પ્રોજેક્ટસમાંથી પ્રથમ ત્રણ પ્રોજેક્ટ્સને સરકારના સાઈ-ક્રિએટ સેન્ટર દ્વારા પ્રોજેક્ટ્સને વ્યવસાયિક સ્વરૂપ મળી શકે તે માટે 'કેશ એવોર્ડ' આપવામાં આવ્યા હતા. આઈ ક્રિએટ દ્વારા તમામ પ્રોજેક્ટ્સનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. અને તેમાંથી પસંદગી પામેલા પ્રોજેક્ટ્સને રૂ. ૫૦,૦૦૦ થી વધુ જરૂરિયાત મુજબની નાણાંકીય સહાય આપવામાં આવનાર છે. જેથી આ પ્રોજેક્ટ્સને વાસ્તવિક રીતે ઔદ્યોગિક પેદાશના સ્વરૂપમાં તબદીલ કરી શકાય. વિજેતા પ્રોજેક્ટ્સ માટે પેટન્ટ ક્લિનીક સપોર્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ઓપન હાઉસ ઈવેન્ટમાં ડીઝાઈન એન્જિનીયરીંગ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્કશોપમાં ઔદ્યોગિ નિષ્ણાંતો દ્વારા 'ટેકનિકલ ટૉક' યોજાઈ હતી. જેમાં ટીસીએસ, ગીફ્ટસીટી, એસ્સાર અને અદાણી જુથના નિષ્ણાંતોએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. ઈવેન્ટ દરમ્યાન મોટા ભાગની ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૩૦ એમઓયુ કરાયા હતા. જેમાં ઈન્ટર્નશીપ, પ્રોજેક્ટ્સ અને વર્કશોપ અંગે સમજુતિ કરાઈ હતી. આ ઈવેન્ટ દરમ્યાન વિદ્યાર્થીઓને યોગ્ય તક મળી રહે તે માટે 'એચઆરમીટ' યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ ગ્રીન એર કન્ડિશ્નર, બાયોગેસ ફ્યુલ દ્વારા દોડતી કાર, ઈન્ડસ્ટ્રીઝ સ્કાય લાઈટ, ઈન્ટરએક્ટીવ લર્નિંગ પોર્ટલ ફોર સ્ટુડન્ટસ, ઓટોમેટેડ સ્પીડ કન્ટ્રોલ ઓફ વ્હીકલ, ઓટોમેટેડ હેલ્થ મોનીટરીંગ, વોઈસ ઓપરેટેડ વ્હિલ ચેર, મહિલાઓની સ્વરક્ષા માટે સ્ટનગન, આગ, પુર વગેરે આપત્તિઓમાં મદદ માટે રોબોટ અને ઓટોમેટેડ ટ્રેન સ્પીડ અને સ્ટોપેજ જેવા વિવિધ પ્રોજેક્ટ્સ પ્રસ્તુત કરાયા હતા.

વેકેશનમાં આર્ટ ઓફ લીવીંગ દ્વારા વિવિધ શિબિરોનું આયોજન

બાળકો માટે ખાસ આર્ટ એક્સેલ કોર્સ, યુવાનો માટે 'યસ કોર્સ' અને મોટેરાઓ માટે હેપીનેસ પ્રોગ્રામ યોજાશે : પ્રાણાયામ-યોગાસન-ધ્યાન વડે આંતરિક વિકાસ સાધી નકારાત્મકતાથી મુક્તિ માટેની પ્રક્રિયા

ગાંધીનગર, તા. ૯

શ્રી શ્રી રવિશંકરજી પ્રેરિત આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર એકમ દ્વારા વેકેશનને અનુલક્ષીને વિવિધ શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ છે. વેકેશનમાં ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે ખાસ શિબિર તા. ૧૪મીથી ૧૯મી એપ્રિલ દરમ્યાન સાંજે ૪.૩૦ થી ૬.૪૫ સુધી 'આર્ટ એક્સેલ કોર્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. અને ૧૮ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ વાગ્યા દરમ્યાન હેપીનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો છે. આ ઉપરાંત તા. ૨૧મી થી ૨૬ એપ્રિલ દરમ્યાન સાંજે ૪.૩૦ થી ૬.૪૫ વાગે ૧૩ થી ૧૭ વર્ષના યુવાઓ માટે 'યસ કોર્સ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા આયોજિત શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ચિલ્ડ્રન ક્રિયા, સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી-નરસી આદતોની ચર્ચા, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓ દ્વારા ભણતર અને જીવનનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. શિબિર થકી આત્મ વિશ્વાસ, યાદશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વક્તૃત્વ શક્તિ ખીલે છે. ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા જેવી નકારાત્મક લાગણીઓથી મુક્ત થઈ વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત રહે તે માટેનો છે.

શિબિરમાં ભાગ લેવા માટે અથવા તે અંગે કોઈપણ માહિતી માટે શિબિર સ્થળ સેક્ટર-૧૧માં મેઘ મલ્હાર કોમ્પલેક્ષમાં બીજે માળે સુરેશભાઈ પરમારનો સંપર્ક સાધવા જણાવાયું છે.

કલરવ સંસ્થા દ્વારા બાર દિવસીય બાલોત્સવ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના બાળકોમાં રહેલી નૈસર્ગિક પ્રતિભાને કલા સાંસ્કૃતિક ક્ષેત્રે ખીલી ઉઠવાની તક મળી રહે એ માટે હંમેશા પ્રયત્નશીલ પાટનગરની જાણીતી સંસ્થા 'કલરવ' છેલ્લા ૯ વર્ષથી ઉનાળાના વેકેશનમાં 'બાલોત્સવ'નું આયોજન કરે છે. ૧૨ દિવસની આ શિબિરમાં વિવિધ રંગમંચલક્ષી કલાની નિષ્ણાતો દ્વારા બાળકોને ખુબજ સુંદર અને ઉત્સાહપ્રેરક વાતાવરણમાં તાલીમ આપવામાં આવે છે અને તાલીમના અંતે શિબિરના છેલ્લા દિવસે આકર્ષક સ્ટેજ શૉ દ્વારા બાળકોએ ગ્રહણ કરેલ કલાની અભિવ્યક્તિની પણ તક આપવામાં આવે છે.

ઉનાળુ વેકેશનમાં પણ કલરવનો હવે ખૂબ જાણીતો બની ગયેલો બાલોત્સવ તારીખ ૨૮ એપ્રિલથી ૮ મે સુધી સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮ ગાંધીનગર ખાતે યોજાશે. બાલોત્સવનું સમાપન તારીખ ૯ મે ૨૦૧૫ના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાનાર સ્ટેજ શૉ દ્વારા કરવામાં આવશે. આ સ્ટેજ શૉ નિહાળવા માટે બાલોત્સવમાં ભાગ લેનાર દરેક બાળકોના વાલીઓને આમંત્રણ આપવામાં આવ્યુ છે.

બાલોત્સવમાં ૭ થી ૧૪ વર્ષના બાળકો જોડાઈ શકશે. બાલોત્સવમાં જોડાવા માટેના પ્રવેશપત્રો અને ૨૦૧૫-૧૬ ના વર્ષના કલરવના સભ્યપદ માટેના ફોર્મ મેળવવા અને પરત કરવા માટે અમુલ પાર્લર, ઘ-૬, સે. ૨૨, નિશિત વ્યાસ, મીનાક્ષી ટ્રેડર્સ, સે. ૧૬, ઊર્મિલ વેદ, ૪૧૨, મેઘ મલ્હાર, સે. ૧૧, નરેશ ઠાકર, ૩૫/એ/૧, સે. ૧૯, વર્ષા પારેખ, ૭૨૪/૨, સે. ૨૧, ઉમા ભટ્ટ, ૧૬૪/૨, સેક્ટર-૨૨, મનીષા જૈન, સી-૨૪, ગ્રીન સીટી સોસા, સે. ૨૬, જયશ્રી ખેતીયા, ૮૫૦, સોમેશ્વર સોસા., સે. ૨૭, સપના જૈન, પ્લોટ ૧૧૦, સે. ૮, હિમાદ્રી વ્યાસ, પ્લોટ ૧૭, સે. ૩૦, ડૉ. પિયુષ દવે, ૬૬૭, સે. ૬-બી, ભાવેશ એરડા, ૧૩૨૮/૨, સે. ૪-ડી, રાહુલ મહેતા, ઈ-૨૩૬, જીઆઈડીસી, સે. ૨૬ અને આશા સરવૈયા, ૮૯/૨, સે. ૨-એ, ગાંધીનગરનો સંપર્ક કરવો. ગાંધીનગરના બાળકોને બાલોત્સવમાં ઉત્સાહપુર્વક જોડાવા માટે સંસ્થાના પ્રમુખ કમલકિશોર જૈને અનુરોધ કર્યો છે.

બી.બી.એ. કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સે-૨૩ સ્થિત ભોળાભાઈ પટેલ બિજનેસ એડમિનીસ્ટ્રેટીવ કોલેજ ખાતે જોબ પ્લેસમેન્ટ અને ઈન્ટર્નશીપ કાર્યક્રમ યોજાયો હતો.

કોલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ બાદ સારી નોકરી મળે તે માટે કોલેજ દ્વારા કેમ્પસમાં જોબ પ્લેસમેન્ટનું આયોજન કર્યુંહતું. જેમાં ૩૭ શિક્ષિત બેરોજગાર વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ માટે આવ્યા હતા. વિદ્યાર્થીઓને એકસીસ બેંક અને આઈ.સી.આઈ.સી.આઈ. સિકયુરીટીઝ કંપનીમાં જોબ ઓફર કરવામાં આવી હતી.

અનુસૂચિત જાતિના ઉમેદવારો માટેના તાલીમ વર્ગો શરૂ કરાયા

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં આગામી સમયમાં લેવાનાર નાયબ મામલતદાર/નાયબ સેકશન અધિકારી માટેની પરીક્ષામાં અનુસૂચિત જાતિન યુવક યુવતિઓ પણ સારો દેખાવ કરી સફળતા મેળવે તેવા આશયથી રાજયના નિવૃત્ત અન પ્રવૃત્ત અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના ઉપક્રમે તાલીમ વર્ગોનો શુભારંભ આજે કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના કોમર્શિયલ હબ અટ્રિયા-બી, બીજે માળ, સરગાસણ ચોકડી પાસે પ્રતિ રોજ સવારે ૮ થી ૧૦ ચાલનારા આ તાલીમ વર્ગનુંઆજે સંસ્થાના અધ્યક્ષ શ્રી એમ.બી. પરમાર (આઈએએસ) તથા નિષ્ણાંત ફેકલ્ટી અને નિવૃત્ત સંયુકત સચિવ ડંકેશ ઓઝાની પ્રરેક ઉપસ્થિતિમાં શુભારંભ થયો હતો. ઓઝાએ આજે ઉપસ્થિત અનુસૂચિત જાતિના ઉમેદવારોને મોટીવેશનલ વ્યકતવ્ય આપી પ્રેરિત કર્યા હતા.

આ પ્રસંગે સર્વ ડી.ડી. કાપડિયા, અશ્વિન પરમાર, ક્રિશ્ના રાદડિયા, આર.કે. પરમાર, પ્રવિણ શ્રીમાળી, નટુભાઈ પરમાર, પટણી, શ્રી જાદવભાઈ તથા ઉમેદવારો સૌ ઉપસ્થિત રહ્યા હતા.

અટ્રિયા ખાતે વાતાનુકૂલિત ખંડમાં નિષ્ણાંત ફેકલ્ટીની સુવિધા અને ન્યૂનતમ ફીના ધોરણો સાથે ચાલનારા આ તાલીમ વર્ગમાં અનુસૂચિત જાતિના ઉમેદવારોને બહોળી સંખ્યામાં જોડાવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જૂજ સંખ્યામાં અનુસૂચિત જાતિ સિવાયના વર્ગના ઉમેદવારોને પણ પ્રવેશ મળશે. આ માટે તાલીમ વર્ગ વ્યવસ્થાપક આર.એમ. ચાવડા (મો. ૯૯૯૮૯૪૮૦૯૨) અને 'લક્ષ્ય'ના અધ્યક્ષ એમ.બી. પરમાર (આઈએએસ) (મો. ૯૮૨૫૦૩૧૩૮૩)નો પણ સંપર્ક કરી શકે છે.

સંગીની ફોરમ ગાંધીનગરનો પ્રથમ પ્રોગ્રામ યોજાશે

ગાંધીનગર, તા. ૯

જૈન સોશ્યલ ગ્રુપ, સંગીની ફોરમ, ગાંધીનગરો પ્રથમ પ્રોગ્રામ તા. ૧૪-૪-૨૦૧૫ના રોજ સેક્ટર-૧૯ જીમખાનામાં સાંજે ૪.૦૦ થી ૬.૦૦માં ડીનર સાથે આયોજન કરવામાં આવ્યુ છે. જે બહેનોને મેમ્બરશીપ માટે સંપર્ક કરવાનો રહી ગયો હોય તે બહેનોને તા. ૧૨-૪-૨૦૧૫ સુધી ફોરમના મંત્રી શ્રીમતિ ડીમ્પલબેન શાહ (૯૪૨૭૨ ૦૬૧૦૪) અને પ્રમુખ નીતિકાબેન શાહ (૯૪૨૮૫૦૨૫૯૭)નો સંપર્ક કરી મેમ્બરશીપ મેળવી લેવા નમ્ર અપીલ કરવામાં આવી છે.

રાજ્યો અને લઘુમતીઓ ગ્રંથ પર વક્તવ્ય

ગાંધીનગર, તા. ૯

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના 'રાજ્યો અને લઘુમતીઓ' ગ્રંથ વિશે જાણીતા કવિ સાહિલ પરમારનું વક્તવ્ય તા. ૧૦-૪--૨૦૧૫ના રોજ ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે સાંજના ૬.૦૦ થી ૭.૩૦ કલાકે યોજાશે. સાહિત્ય રસિકોને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

ગાંધીનગર સાહિત્યસભાએ ભાગ્યેશ જહાની નિમણુંકને આવકારી, શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના નવ નિયુક્ત કવિ ભાગ્યેશ જહાને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. સાહિત્યસભાની માસિક બેઠક આગામી ૧૨ એપ્રિલના રોજ યોજવામાં આવશે.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ તરીકે પૂર્વ સચિવ અને નગરના જાણીતા કવિ ભાગ્યેશ જહાની વરણી કરવામાં આવતા ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે. સાહિત્ય સભાના ભરત કવિ, નટવર હેડાઉ, સુરેશ ભટ્ટ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાતે આવકારી સંયુક્ત જણાવ્યુ હતુ કે ગુજરાત સાહિત્ય અકાદમી શ્રી જહાના નેતૃત્વમાં નવા આયામો સર કરશે.

ગાંધીનગર સાહિત્યસભાની માસિક બેઠક આગામી ૧૨, એપ્રિલ સાંજે ૫.૩૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ખાતે યોજાશે. જેમાં સાહિત્યકાર વિનાયક રાવલ, ઘનશ્યામ ગઢવી વક્તવ્ય આપશે. બેઠકમાં સર્વે સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

સમાજમાં પારિવારિક સંબંધોની એક મર્યાદા હોય છે તેમાં દોરાયેલી લક્ષ્મણરેખા ઓળંગી શકાતી નથી... લોકો આ મર્યાદા પાળે છે પણ...

સમાજ ચિંતન
પોપટલાલ પ્રજાપતિ

ભારતીય સંસ્કૃતિની ગરિમા એટલે એના પારિવારિક સંબંધોની સંવેદના, લાગણી, સ્નેહ અને સમર્પણ, પારિવારિક સંબંધોમાં એક નિશ્ચિત મર્યાદા અને લક્ષ્મણરેખા અંકિત કરાયેલી છે. દીકરી વહાલનો દરીયોના અસંખ્ય પ્રસંગો આ કોલમમાં પ્રકાશિત થયા છે. 'પોસ્ટમેન અને અલી'ની વાર્તા તથા દીકરીની વિદાય પછી આઘાત લાગતા કોમામાં સરી પડેલા પિતાની સ્નેહભીની કથાઓ પણ આપણે વાંચી છે. દીકરીના સુખ માટે દેવું કરીને પણ કરિયાવર આપતા પિતા અને તેના સુખ માટે પોતાનું સ્વમાન કે ગૌરવને પણ ગીરે મુકતા પિતાઓની આ સમાજમાં ખોટ નથી વર્તાઇ પણ આજે એક એવી શરમકથા ધડકતા હૈયે રજુ કરવી છે જેનું વર્ણન કરતાં કલમ ધ્રૂજે છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે આવી કાળજા કંપાવી મૂકતી કથાઓ ફરી કયારેય રજૂ કરવાના પ્રસંગો ઊભા ન થાય. હૃદય ના પાડે છે, મન માનતું નથી, કલમ અટકી જાય છે. છતાં આ કલંક કથા ક્ષમાયાચના સાથે રજૂ કરું છું... વેદના એટલી છે કે આ કથા કાલ્પનિક નથી, એના પાત્રો રૂપાંતરિક છે...

ભાઇ-બહેન અને પિતા સાથેનો એક નાનકડો મધ્યમ વર્ગીય પરિવાર જેમતેમ કરીને ગુજરાન ચલાવે છે. વાત શહેરની છે કે ગામડાની, કયા સમાજ કે ગોળની છે એની ઝંઝટમાં પડવું નથી પણ માનવીનું પતન થાય તો કેટલી હદે થઇ શકે એનું ફક્ત વર્ણન કરવું છે. બધે બને છે તેમ અહિં પણ બાપને દીકરી પણ બચપણથી અનહદ પ્રેમ હતો. દીકરા કરતાં એને વધારે લાડકોડથી રાખે. દીકરી પણ દેખાવડી તો હતી અને પિતા અંબાલાલ હૃષ્ટપૃષ્ટ હતો. સમય વીતતો ગયો દીકરી મંજુલા ઉંમર લાયક થઇ, પરિવારમાં સૌ ચિંતા કરવા લાગ્યા કે દીકરી માટે કોઇ સારો મુરતિયો જોઇ એના હાથ પીળા કરાવી દઇએ એટલે આપમે જવાબદારીમાંથી છૂટા. પણ અંબાલાલનું મન માનતું નથી એને દીકરી પોતાનાથી અળગી કરવી ગમતી ન હતી. એ બધાને કહેતા ફરે કે મારી દીકરીને પરણાવું પછી મારું કોણ? મારે સુખ દુઃખની વાતો કોના આગળ રજૂ કરવી? મારું હૈયું ભરાઇ જાય તો કોની આગળ હળવું કરું? મારી દીકરી વગર હું ન રહી શકું... સૌની સમજાવટથી દીકરી પરણાવી તો દીધી પણ મંજુલાને સાસરીમાં મન માનતું નહિ એને પોતાના પતિ પ્રત્યે પણ કયારેક પ્રેમભરી લાગણી હતી જ નહીં. પ્રતિ પ્રાઇવેટ જોબ કરી ગુજરાન ચલાવે. પણ શરુઆતથી પત્નીનો વર્તાવ એને કયારેક અકળાવી મૂકતો. તે વારંવાર પિયર જવાની જીદ કર્યા કરે પતિ ગુસ્સે થતો પણ મંજુલાનું મન રાખવા તે બહુ આનાકાની કરતો નહિ. પિયર ગયેલી પત્નીને તેડવા તે જાય ત્યારે અંબાલાલ (તેના સસરા) કહેતા મારી દીકરી પણ કોઇએ કંઇ કરી નાખ્યું છે એની બાધા કરવી પડશે. વિધિ કરાવવી પડશે અને આમ વિધિના બહાને દીકરીને તેનો પિતા ઘરે જ રાખતો. જમાઇ બહુ દબાણ કરે એટલે થોડો સમય દીકરીને તેનો પિતા ઘરે જ રાખતો. જમાઇ બહુ દબાણ કરે એટલે થોડો સમય દીકરીને મોકલે. દીકરી સાસરે જઇ ધુણવા લાગે અને વળગાડના બહાને તે પાછી પિયર આવતી રહે. પતિને દાળમાં કંઇક કાળું હોવાની શંકા ગઇ અને ઝીણવટપૂર્વક તપાસ કરતાં એના પગ નીચેથી જમીન ખસી ગઇ...

તેણે પોતાના પપ્પા-મમ્મીને કહી દીધું. ગમે તેમ કરીને મારા છૂટાછેડા કરાવી દો નહિતર હું આપઘાત કરી નાખીશ. જેટલા રુપિયા આપવા હોય તે આપો. આખી જીંદગી દેવું ભરીશ પણ આ છોકરી ન જોઇએ. સૌએ કારણ જાણવા પ્રયત્ન કર્યો પણ જવાબમાં તે શૂન્યમનસ્ક થઇ જતો. મા-બાપે વિચાર્યું આમ ને આમ આપણે દીકરો ખોઇ બેસીશું. સમાજને વચ્ચે નાખી દીકરાના છુટાછેડા કરાવ્યા. દીકરી ગવારો લઇને ઘરે પાછી ફરે એટલે બાપનું કાળજુ કપાઇ જાય પણ અંબાલાલને થયું હાશ, મારી મંજુલા ઘરે પાછી આવી. પછી તો પરિવારમાં કાનાકુસી થવા લાગી આ કેવો બાપ છે, જેને પોતાની દીકીરનું ઘર ભગાવવામાં આનંદ આવે છે? અને પછી ખણખોદીયાઓએ ખણખોદ શરુ કરી. પરિણામ જાણ્યું ત્યારે સૌને ખાતરી થઇ કે બાપ કે દીકરાના લાગણીભીના સંબંધોમાં કંઇક વિશેષ છે. અંબાલાલને દીકરી પ્રત્યે એક નોખા પ્રકારની લાગણી છે. પરિવારે ભેગા થઇ મંજુલાના ફરી લગ્ન માટે તૈયારી કરી. મુરતિયો મળ્યો પણ ખરો. દીકરી સાસસે વળાવી ત્યારે અંબાલાલ અવારનવાર દીકરીની ખબર લેવા આવે. બાપ-દીકરી મળે તેમાં કોને વાંધો હોય? પણ અંબાલાલ ત્યારે જ દીકરીને ત્યાં આવતો જયારે ઘરમાં દીકરીના સાસુ, સસરા કે પતિ કોઇ હાજર ન હોય. આ સીલસીલો કાયમ થવા મંડ્યો વેવાઇ જમાનાના ખાધેલ હતા તેમને કંઇક રંધાતું હોય તેમ લાગ્યું અને તેમણે અંબાલાલને કહ્યું, વેવાઇ દીકરીના ઘેર આમ રોજ આવો તો સારું નહીં... અંબાલાલનું આવવાનું બંધ થયું અને એકાદ મહિલામાં જ મંજુલા ધુણવા લાગી. તેણે કહ્યું. મારી બાધા અધુરી છે, મારે પિયર જવું પડશે. અને મંજુલાબેન બાધા કરવા પિયર ઉપડી ગયા. થોડા દિવસ પછી અંબાલાલે વેવાઇને ફોન કર્યો... મારી દીકરી તમારા છોકરાનું ઘર માંડવા માગતી નથી માટે છુટાછેડા આપી દો. વેવાઇ અને પુત્ર કોઇ પણ કારણ વગર છુટાછેડાની વાત જાણી હેતબાઇ ગયા. પણ અંબાલાલ અને મંજુલા માનવા તૈયાર નથી બંનેનો એક જ જવાબ... 'છૂટાછેડા'... વેવાઇ વાતનો મર્મ જાણી ગયા... સૌએ સલાહ આપી તમારી સલામતી ચાહતા હો તો વેળાસર આ સંબંધમાંથી નીકળી જાઓ... અને મંજુલાના છુટાછેડા થયા...

સમયનું ઘટનાચક્ર અવિરત ચાલ્યા કર્યું, ફરી પાછો પરિવાર ભેગો થયો. મંજુલાને ક્યાંક વળાવી દેવા, નહિતર આ છોકરીનું જીવન બદબાદ થઇ જશે. સૌએ પાછો એક મુરતિયો તૈયાર કર્યો પણ મંજુલાએ શરત મુકી કે હું મારા પિતાની સેવા કરવા ગમે ત્યારે ઘેર આવી શકું એવી છૂટ મળતી હોય તો જ લગ્ન કરવા તૈયાર છું. પિતા તંદુરસ્ત છે, તેને કોઇ રોગ નથી છતાં દીકરીની આ જીદ અને પિતાનો દીકરીને નહિ પરણાવવાનો આગ્રહ લોકોને સમજાતો નથી. પણ દિવાલોને ય કાન હોય છે. ઇંટ સિમેન્ટની મજબુત દિવાલો પાછળ બનેલી ઘટનાઓ પણ કયારેક પવન સાથે ઘસડાઇ બહાર આવે છે. સૌને હવે સમજાવા લાગ્યું છે કે બાપ દીકરી વચ્ચે પ્રેમ અને લાગણી છે પણ આ સંબંધોમાં કંઇક અજાયબી છે સૌ સમજે છે પણ પિતા-પુત્રીના સંબંધોની એક ગરિમા હોય છે, કોઇ આ ગરિમાને તોડવા માગતું નથી. સમાજને પણ એક મર્યાદા હોય છે. એની પણ એક લક્ષ્મણરેખા અંકિત થયેલી હોય છે. લોકો આટલી મર્યાદા તો જાળવે છે જ... હજુ સૃષ્ટિનું સાવ ઘનોતપનોત નીકળી ગયું નથી... આશા રાખીએ કે ભગવાન અંબાલાલને સદ્‌બુદ્ધિ આપે અને તે દીકરીનું ઘર વસાવા દે...